

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૨૯)

કલકત્તા
૩-૯-૬૨

ૐ

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... સોનગઢ, ધર્મસ્નેહ.**

આપનો પત્ર અગાઉ પણ મળ્યો હતો અને શશીભાઈનો એક બીજો પત્ર પણ મળ્યો. આપે લખ્યું હતું કે, હવે નિવૃત્તિનો કાળ પાક્યો છે એ વાંચીને વીજળીના વેગની જેમ આનંદની લહેર આવી હતી, કારણ કે અગાઉ નિવૃત્તિ જ વિકલ્પરૂપે નિશ્ચિત થઈ હતી-એવું પૂરેપૂરું પ્રતીતિમાં આવે છે. હવે તો 'શ્રી ગુરુદેવ'ની કૃપાથી ન નિવૃત્ત છું કે ન પ્રવૃત્ત છું-એવો નિર્ણય થઈ ચૂક્યો છે. અને પૂર્વના નિવૃત્ત પરિણામોએ તેથી જ હવે નિશ્ચયને બદલે વ્યવહારનું પદ લઈ લીધું છે. લગભગ વીસ દિવસ પહેલાં એવો (નિવૃત્તિનો) સમય આવ્યો પણ હતો. મુંબઈ સુધી જવાનું પણ થયું હતું, સોનગઢ પહોંચવાના વિકલ્પો પણ અધિક થયા હતા; પરંતુ આ તરફ જ પાછા આવવું પડે એવાં કારણો ઊભાં થયાં હતાં. હવે તો દશેરા પછી એ તરફ આવવાનું બની શકશે.

તમે બધા સાક્ષાત્ 'ચૈતન્યમૂર્તિ ગુરુદેવ'ના સાન્નિધ્યમાં દશલક્ષણ પર્વના અવસરે અતિ ઉત્સાહ પૂર્વક ધર્મલાભ લેશો. મારા જેવા પુણ્યહીનને એ લાભ ક્યાંથી?

અધિક શું લખું? વિકલ્પોને તો ધગધગતી ભઠ્ઠીના યોગોનું નિમિત્ત છે અને એની વચ્ચે જ રહેવાનું બની રહ્યું છે તોપણ ચૈતન્યમૂર્તિ વિકલ્પોને સ્પર્શ સુદ્ધાં કરતી નથી. અધૂરી દશાના વિકલ્પાંશોમાં શ્રદ્ધામાં જામી ગયેલી આ મૂર્તિનું એકરસપણે આલિંગન ક્યાંથી! ચૈતન્યમૂર્તિના એકરસપણામાં ઓતપ્રોત રહો એ જ ભાવના.

**ધર્મસ્નેહી**
**નિહાલચન્દ્ર**

(૩૦)

કલકત્તા-૭
૮-૧૧-૬૨

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... શુદ્ધાત્મસત્કાર.**

વાત્સલ્યાનુરાગથી પ્રેરિત આપનો પત્ર, કુટુંબીઓનું દીપાવલી કાર્ડ મળ્યું. શ્રી શેઠીયાજી સોનગઢ પહોંચી ગયા એ જાણ્યું. 'જ્ઞાનાનંદીગઢ, વીતરાગ-પ્રધાન શ્રી ગુરુદેવ'ના પ્રશસ્ત રાગ-અંશ નિમિત્તક સિંહ ગર્જનામાં ૪૭ નયો ઉપર પુણ્યવાન મુમુક્ષુઓને ઉલ્લાસમય બનાવે તેવાં પ્રવચનોનો લાભ થયો એ જાણીને અત્યંત પ્રસન્નતા થઈ.

**(અનુસંધાન પાના નં.૧૭ પર...)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૫૪, વર્ષ-૨૩, જાન્યુઆરી-૨૦૧૯

## અષાઢ સુદ ૧૨, બુધવાર, તા.૨૯-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૫૯, પ્રવચન-૨૧

આ 'યોગસાર' શાસ્ત્ર છે. ૫૮ ગાથા થઈ. ૫૮માં એમ કહ્યું હતું, જેમ આકાશ છે (એ) પરપદાર્થથી શૂન્ય (છે) એમ આ આત્મા પરપદાર્થથી શૂન્ય છે. આકાશમાં અનેક પદાર્થો રહ્યા દેખાય છે છતાં એ અનેક પદાર્થ પદાર્થમાં રહ્યા છે, આકાશમાં નહિ. એમ ભગવાનઆત્મા, એની જોડે રાગ-દ્વેષ, શરીર, કર્મ આદિ સંયોગી ચીજ કે સંયોગી ભાવ દેખાય છે પણ આકાશમાં જેમ પર નથી એમ આત્મામાં એ પરપદાર્થ નથી. સમજાણું કાંઈ? ફક્ત ફેર શું છે એ વાત અહીંયાં કરે છે.

**'આકાશ સમાન હોવા છતાં પણ હું સચેતન છું.'** આકાશમાં એ પર નથી પણ એ આકાશ અચેતન છે અને આ આત્મા જ્ઞાન, ચૈતન્યસ્વભાવ જીવ છે. ચેતનસ્વભાવ ઓલા આકાશમાં નથી. એ વાત કરે છે.

**जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु।**
**आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु।।५९।।**

**'હે જીવ! જેવું આકાશ શુદ્ધ છે તેવો જ આત્મા શુદ્ધ છે એમ કહ્યું છે.'** આકાશ તદ્દન વાદળાનાં... પંચરંગી વાદળાં હો કે પાંચ દ્રવ્ય બીજા એમાં હો પણ એના રંગે એ આકાશ રંગાયેલું નથી. એમ આત્મા વિકાર કે સંયોગ કે પરચીજથી રંગાયેલો નથી. એ આકાશ શુદ્ધ છે એમ આત્મા શુદ્ધ છે એનું એકાગ્ર ધ્યાન કરવું એને 'યોગસાર' કહે છે. કહો, સમજાણું?

**'હે જીવ! આકાશને (જડ) અચેતન જાણ.'** ફેર એટલો. શુદ્ધ તો બેય છે કહે છે. આકાશ પણ શુદ્ધ છે એમ આત્મા પણ શુદ્ધ છે. આકાશ જડ શુદ્ધ છે. આ ચૈતન્ય શુદ્ધ છે. જ્ઞાનમૂર્તિ પરમબ્રહ્મ અનાદિઅનંત એવો આત્મા શુદ્ધ આકાશની પેઠે (શુદ્ધ છે), પણ આકાશ જડ અને આ ચૈતન્ય (છે). આકાશ આકાશનું ધ્યાન કરી શકે નહિ. કેમકે એમાં જ્ઞાન નથી, જડ છે. આકાશ શુદ્ધ હોવા છતાં આકાશ આકાશનું ધ્યાન કરે એવું એમાં છે નહિ. અને આત્મા આકાશ સમાન શુદ્ધ હોવા છતાં એ જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનનું ધ્યાન કરી શકે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુદ્ધને ધ્યાન કરવાની જરૂર જ ક્યાં છે?

ઉત્તર :- શુદ્ધને ધ્યાન કરવાની જરૂર નથી, શુદ્ધ તો દ્રવ્ય છે. શું કીધું? શુદ્ધ તો દ્રવ્ય થયું પણ પર્યાયમાં શુદ્ધતા માટે?

મુમુક્ષુ :- આકાશને ધ્યાન કરવાનું રહેતું જ નથી.

ઉત્તર :- આકાશને ધ્યાન કરવાનું રહેતું નથી, જડ છે માટે. એમ કહ્યું. શુદ્ધ તો આ પણ છે. એ માટે તો આંતરો કહ્યો. આકાશ શુદ્ધ છે અને આત્મા પણ શુદ્ધ છે. બેમાં શુદ્ધમાં ફેર છે. એને શુદ્ધતાનું ધ્યાન કરવાનો ગુણ નથી અને અહીં શુદ્ધતા ભરેલી છે એ જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે તેથી તે શુદ્ધતાનું ધ્યાન કરવાને લાયક છે, એમ કહેવું છે. શુદ્ધ છે માટે ધ્યાન

કરે, એમ નહિ. ચેતન નથી માટે ધ્યાન કરવા લાયક નથી. સમજાણું, દેવાનુપ્રિયા! આ તર્ક બીજી જાતના છે.

એમ કહે (છે) કે, શુદ્ધ છે એને શું ધ્યાન (કરવાનું)? શુદ્ધ છે. ધ્યાન જડને નહિ. તેથી તો બેને જુદાં પાડે છે. આકાશ શુદ્ધ છે, ચૈતન્ય શુદ્ધ છે, ચૈતન્ય જીવ શુદ્ધ છે પણ જીવ શુદ્ધ છે એ ચૈતન્ય છે, ચેતનાર છે. શું? ચેતનાર છે, જાગનાર છે, એકાગ્ર થનાર છે, ચેતવાને લાયક છે એમ કહે છે. પાઠ છે ને? '**ચેયણુ વંતુ**' એ ચેતનવંત છે. સમજાય છે? ભગવાનઆત્મા આકાશની સમાન શુદ્ધ કહ્યો પણ આકાશ તો જડ છે. એને ક્યાં હું શુદ્ધ છું એવું સમજવું છે? આ તો ચૈતન્ય છે એ શુદ્ધ છે એવું ચૈતન્ય જાગૃત થઈને શુદ્ધનું ધ્યાન કરે ત્યારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટે. એવો જડ અને ચૈતન્યમાં ફેર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ ચેતી શકે છે. જડમાં ક્યાં ચેતવું છે? પોતાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એને ચેતી શકે છે, જાણી શકે છે, જાગૃત થઈને ધ્યાન કરી શકે છે, તેમાં લીન થઈ શકે છે. તેથી ચૈતન્ય, આકાશની શુદ્ધની અપેક્ષાએ આ અપેક્ષાએ જુદું પડ્યું. સમજાણું કાંઈ?



આકાશ પણ દ્રવ્ય છે અને આત્મા પણ દ્રવ્ય છે. છતાં દ્રવ્યપણાની અપેક્ષાએ ભલે સમાન હો. સમજાણું? સર્વ દ્રવ્યમાં છ સામાન્ય ગુણ તો સમાન છે. સામાન્ય ગુણ છે (એ) આમાં નહિ લખેલા હોય. અસ્તિત્વગુણ આકાશમાં પણ છે અને આત્મામાં પણ છે, એમ કહે છે. '**બધા દ્રવ્યો સદાય છે અને સદા ટકી રહેશે.**' આકાશ પણ સદાથી છે અને સદા રહેવાવાળું છે. આત્મા પણ સદાથી છે અને સદા રહેવાવાળો છે. છતાં બેમાં ફેર શું એ અહીં બતાવવું છે. સમજાણું કાંઈ?

દ્રવ્યત્વ છે. સ્વભાવ અને વિભાવ દશા એમાં થયા કરે છે. શેમાં? આત્મામાં અને પરમાં બધામાં, જેની યોગ્યતા હોય એમાં. દ્રવે છે, દ્રવે છે. સમજાણું? પરમાણુ પણ સ્વભાવપણે પરિણમે, પુદ્‌ગલ વિભાવપણે પરિણમે, બીજા ચાર (દ્રવ્યો) તો સ્વભાવ(પણે પરિણમે), પણ એવા દ્રવ્યત્વગુણને લઈને પરિણમવું (એવો) દરેક દ્રવ્યનો સમાનપણે ધર્મ છે. પણ આનો (આત્માનો) ધર્મ જુદી જાતનો છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

પ્રમેયત્વ. '**બધા જ દ્રવ્યો સર્વજ્ઞો દ્વારા જણાવા યોગ્ય છે.**' બધા દ્રવ્યો પ્રમેયત્વ છે. બધા પદાર્થ જણાવાયોગ્ય છે પણ જાણનાર એ ચૈતન્ય એકલો છે. સમજાણું કાંઈ? આત્માને આકાશ સમાન કીધો પણ આકાશ સર્વજ્ઞથી જણાવાલાયક છે, એનાથી જણાવા લાયક એ (પોતે) નથી. સમજાણું કાંઈ? સમાનતામાં ફેર છે, એમ. સર્વજ્ઞથી જણાય એવા આકાશાદિ છે. આત્મા પણ સર્વજ્ઞમાં જણાય પણ આત્મા તો પોતે પોતાથી જણાય એવો છે. એમ. સમજાણું કાંઈ? સર્વજ્ઞથી જણાય એવો આત્મા તો છે, આકાશ પણ એવું છે. આ તો આત્મા સચેતન હોવાને લઈને પોતે પોતાથી જણાવા લાયક છે, એ (ગુણ) આકાશમાં છે નહિ. સમજાણું કાંઈ?

વસ્તુત્વ રહી ગયું. જુઓ! '**બધા જ દ્રવ્યો પોતપોતાનું કાર્ય સ્વતંત્રપણે કરે છે.**' આકાશ આદિ બધા દ્રવ્યો પોતાની પર્યાયનું કાર્ય વસ્તુત્વગુણને લઈને સ્વતંત્ર કરે છે. લ્યો, આ એક સમજે તો બધું એમાં સમાય જાય છે. કોઈ કોઈને કરતું નથી. વસ્તુત્વગુણને

લઈને આકાશ અને આત્મા, પુદ્‌ગલ અને આત્મા એમ બધા દ્રવ્યો પોતપોતાની પર્યાયનું કાર્ય કરે છે. કાર્ય કરે છે આકાશ પણ કરે છે, આત્મા પણ કરે છે, પણ આત્મામાં ફેર છે. આત્મા સચેતન હોઈને કરે છે. સમજાણું કાંઈ? જાણીને જાણવાના, જ્ઞાન, દર્શન, આનંદના કામને કરે છે. એ બીજામાં છે નહિ. સમજાણું?

અગુરુલઘુત્વ. '**બધા જ દ્રવ્યો પોતપોતાના ગુણ પર્યાયોને જ પોતાનામાં રાખે છે.**' પોતપોતાના ગુણ-પર્યાયને રાખે છે. એ તો આકાશ પણ પોતાના ગુણ-પર્યાયને રાખે છે, આત્મા પણ પોતાના ગુણ-પર્યાયને રાખે છે પણ આ જાણનાર થઈને રાખે છે એટલો ફેર છે. સમજાણું કાંઈ? સચેતન ભગવાન પોતાના ગુણ-પર્યાયને જ્ઞાન દ્વારા સાધી પોતામાં રાખે છે. એવો એક સ્વભાવ ચૈતન્યમાં છે, એ આકાશમાં છે નહિ. જુઓ! આકાશ મોટું (છે) એની સાથે ઉપમા આપી છે. આકાશ સર્વવ્યાપક છે ને? આકાશ સર્વવ્યાપક છે એની સાથે (ઉપમા) આપી છે. આકાશ જેવો આત્મા (છે). આકાશ શુદ્ધ છે એવો આ શુદ્ધ છે. (આકાશ) સર્વવ્યાપક ક્ષેત્રથી છે. આ ચૈતન્ય ભાવથી સર્વને જાણનાર સર્વવ્યાપી છે. સમજાણું કાંઈ?

પ્રદેશત્વ. દરેક (દ્રવ્ય) કાંઈ પણ પોતાનો આકાર રાખે છે. કોઈ જગ્યા ઘેરે છે કે નહિ? કોઈપણ પદાર્થ જગ્યાને ઘેરે છે, તો આકાશ પણ જગ્યાને ઘેરે છે, આત્મા પણ જગ્યાને ઘેરે છે, પરમાણુ જગ્યાને ઘેરે છે, પણ ફેર છે. જગ્યાને ઘેરે એ અપેક્ષાએ સરખા (છે) પણ જાણવાના સચેતન અપેક્ષાએ ફેર છે એમ સિદ્ધ કરવું છે. ઘેરે છે એ જ્ઞાન પોતાને જાણે, ઘેરે છે એ જડ જાણે નહિ. આટલા ક્ષેત્રમાં અસંખ્યપ્રદેશી ઘેરાયેલ છે એ ચેતન જાણે. જડ જાણે જડને? શુદ્ધની સમાનતા એક અપેક્ષાએ હોવા છતાં તે બેમાં મોટો સચેતનપણાનો ફેર છે. આહાહા..! સમજાણું?

થોડી સ્વભાવની વાત કરી છે. બધા દ્રવ્યો ભાવપણાનો સ્વભાવ રાખે છે. આકાશ પણ પોતાના ભાવપણાને રાખે છે ને? આત્મા પણ પોતાના ભાવપણાનેઅસ્તિ, અસ્તિ ભાવપણે રાખે છે ને? ભાવપણે રાખે છતાં ફેર છે. એમ છે. ભાવપણે રાખવામાં ફેર નથી પણ બીજા જ્ઞાન અને આનંદમાં ફેર છે એનામાં. જાણવું, આનંદને જાણવું અને આનંદને વેદવું એ તો આત્મામાં જ છે. સમજાણું કાંઈ? હેં? શું કહે છે?

મુમુક્ષુ :- આટલા ખુલાસા પછી સમજાણું.

ઉત્તર :- ખુલાસો કરો, પંડિતજી! આ શું કહે છે? એટલું સમજાણા પછી સમજાણું. એમ નિમિત્તથી પછી સમજાણું, પહેલું નહોતું સમજાણું, એમ કહે છે.

'**પર દ્રવ્યોના સ્વભાવોનો પરસ્પરમાં અભાવ છે. બીજાની સત્તા બીજામાં નથી.**' આત્મામાં બીજા પદાર્થની સત્તા નહિ, આકાશમાં પણ બીજા પદાર્થની સત્તા નહિ. એ રીતે સમાન (છે). આમાં પણ બીજા પદાર્થનો અભાવ (છે), ભગવાનઆત્મામાં પણ પરદ્રવ્યનો અભાવ (છે). પરમાં પરદ્રવ્યનો અભાવ (છે) પણ ફેર એટલો કે આ સચેતનપણું (રાખે છે). '**અપ્પા ચેયણુ વંતુ**' ચેતનવંત. એ ચેતનવંત જાણનાર ભગવાન છે. આ શક્તિઓ કીધી, સ્વભાવ કીધા, બધા ગુણો કીધા પણ એનો જાણનાર એક આત્મા છે. બીજા ગુણોને એને (પોતાને) ખબર નથી એમ આત્મામાં પણ બીજા ગુણો ભલે હોય પણ એ જાણનાર નથી. સમજાણું? ચેતનવંત એ એક જ ગુણ એનો છે કે પોતે જાણનાર છે.

કાયમ રહેવાની અપેક્ષાએ દરેક દ્રવ્ય નિત્ય છે. આત્મા પણ નિત્ય છે, આ પણ નિત્ય છે પણ નિત્ય નિત્યમાં ફેર છે. આ જાણીને નિત્ય છે એમ જાણે છે, ઓલા જાણ્યા વિના નિત્ય રહે છે. સમજાણું?

અનિત્ય સ્વભાવ. દરેક પદાર્થ પલટે છે. દરેક પદાર્થ પલટે છે, એ આત્મા પોતે પણ પલટે છે અને પર પણ પલટે છે, પલટવા પલટવામાં ફેર છે. જાણનારું જ્ઞાન જાણીને જ્ઞાનમાં પલટે છે. સમજાણું?

એક સ્વભાવ. અનેક ગુણ હોવા છતાં વસ્તુ એક છે ને? દરેક આત્મા કે દરેક પરમાણુ. ગુણ-પર્યાય ભલે હો પણ વસ્તુ એક છે એ અપેક્ષાએ એક સ્વભાવ તો બધામાં સરખો છે. એક સ્વભાવ સરખો હોવા છતાં જાણપણામાં (ફેર છે).

અનેક સ્વભાવ સરખો છે. '**સર્વ દ્રવ્ય અનેક**

**સ્વભાવોવાળા હોવાથી અનેકરૂપ છે.**' ગુણ-પર્યાય અનેક સ્વભાવ છે કે નહિ? આકાશમાં, પરમાણુમાં અનેક સ્વભાવ છે, ગુણ-પર્યાય છે. આત્મામાં પણ અનેક સ્વભાવ છે, ગુણ-પર્યાય (છે). અનેક સ્વભાવ હોવા છતાં અનેક સ્વભાવે સમાન છે છતાં જ્ઞાન સ્વભાવે ફેર છે. સમજાણું કાંઈ?

ભેદ સ્વભાવ. ગુણગુણી, સંજ્ઞા, લક્ષણ ભેદ એનો સ્વભાવ છે. દરેકમાં ભેદ સ્વભાવ છે. આત્મામાં ભેદ સ્વભાવ છે, પરમાં ભેદ સ્વભાવ છે. છતાં જ્ઞાનસ્વભાવે ભેદ છે.

અભેદ સ્વભાવ. 'સર્વ દ્રવ્યોમાં ગુણ સ્વભાવ સર્વાંગ, અખંડ રહે છે. એકેક પ્રદેશમાં સર્વ ગુણો હોય છે તેથી અભેદ સ્વભાવવાન છે.' બધા પ્રદેશો કાંઈ ભિન્ન નથી. બધા પ્રદેશ અખંડ છે એ અપેક્ષાએ અભેદ સ્વભાવ છે. એમ આત્મામાં પણ અભેદ સ્વભાવ છે પણ એ અભેદ સ્વભાવ જાણનાર છે, આ અભેદ છે એમ જાણનાર છે. ઓલાને અભેદ સ્વભાવ છે એની ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

ભવ્ય સ્વભાવ. '**સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવમાં જ પરિણમવાની યોગ્યતા રાખે છે.**' આકાશ પણ પોતાના સ્વભાવની અંદર પોતાના સ્વભાવે પરિણમવાની યોગ્યતા રાખે છે. આત્મા પણ પોતાના અંતર સ્વભાવે પરિણમવાની યોગ્યતા રાખે છે. યોગ્યતા રાખવા છતાં, એક સમાનતા હોવા છતાં જ્ઞાન, દર્શન, આનંદે ફેર છે. અહીં સચેતનની એક વાત કરી છે. જાણનાર, જાગનાર. એને પણ જાણનાર. આ હું, મારાપણે રહેવા યોગ્ય છું એવું જ્ઞાન જાણે છે. જડમાં એ સ્વભાવ છે નહિ.

અભવ્ય સ્વભાવ. '**સર્વ દ્રવ્યો પર દ્રવ્યના સ્વભાવરૂપે કદી થઈ શકતા નથી.**' કોઈ પદાર્થ, બધા અભવ્ય છે. બધા દ્રવ્ય ભવ્ય છે અને બધા દ્રવ્ય અભવ્ય છે. ભવ્ય નામ પોતાના સ્વભાવમાં રહેવાની યોગ્યતાવાળા છે. અભવ્ય નામ પરરૂપે નહિ થવાની યોગ્યતા છે, પરરૂપે નહિ થવાની યોગ્યતા છે.

પરમ સ્વભાવ. ભગવાનઆત્મા અને દરેકમાં પરમ સ્વભાવ છે. પરમપારિણામિકભાવે પરમસ્વભાવી બધા પદાર્થ છે. પરમાણુ પણ પરમસ્વભાવી છે, આકાશ પણ પરમસ્વભાવી પારિણામિકભાવે પરમસ્વભાવી છે. એ પરમસ્વભાવી હોવા છતાં જ્ઞાન તે પોતે આત્માને જાણનાર પરમસ્વભાવ એ જ્ઞાનની વિશેષતા છે. કહો, સમજાણું?

'**સામાન્ય ગુણો અને સ્વભાવોની અપેક્ષાએ જીવાદિ છયે દ્રવ્યો સમાન છે. પરંતુ વિશેષ ગુણોની અપેક્ષાએ તેમનામાં અંતર છે.**' મોટો ફેર છે. બીજાઓમાં એની જાતના ગુણો છે. જીવદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ચેતના, સમ્યક્ત્વ ચારે મુખ્ય વિશેષ ગુણ છે, એ આત્મામાં જ છે. જાણવું, પ્રતીત કરવી, ઠરવું, આનંદ. વીર્ય તો બીજામાં ભલે હો. આકાશાદિ પાંચ દ્રવ્યમાં એ નથી. આકાશ એ પાંચ દ્રવ્ય જડ અચેતન છે, આત્મા સચેતન છે. '**મૂળ સ્વભાવથી બધા જ દ્રવ્યો શુદ્ધ છે.**' લ્યો, આ શુદ્ધ આવ્યું તમારું. શુદ્ધ છે એને શું ધ્યાન કરવાનું રહ્યું? પણ આ શુદ્ધ છે એને ધ્યાન કરવાનું છું, એમ કહે છે. એનું જ્ઞાન કરવાનું છે.

'**આકાશ જેમ નિર્મળ છે તેમ આ આત્મા નિર્મળ છે,...**' ધર્મીને ઉચિત છે કે '**સ્વાનુભવ પ્રાપ્ત કરે,...**' લ્યો! પોતાનો સ્વભાવ શુદ્ધ છે એવા અનુભવથી પ્રાપ્ત કરે. જડને શુદ્ધતા છે એને શું પ્રાપ્ત કરવું? એ તો પ્રાપ્ત છે જ. આ તો શુદ્ધ ચૈતન્ય આનંદ, મૂળ ચૈતન્ય આનંદને પોતાના ધ્યાન દ્વારા પ્રાપ્ત કરે. એવો સ્વભાવ આત્મામાં છે. કહો, સમજાણું? 'એ જ નિર્વાણનો ઉપાય છે.' લ્યો! એ એક જ મોક્ષનો ઉપાય છે. ક્યો? સ્વાનુભવ પ્રાપ્ત કરે એ નિર્વાણનો ઉપાય. બીજામાં એ સ્વાનુભવ છે નહિ. મુક્તિનો ઉપાય ભગવાનઆત્મા ચેતન હોવાથી ચેતનપણે જાગૃત થઈને પોતાનો અનુભવ કરે એ જ પોતાની મુક્તિનો ઉપાય છે. પરદ્રવ્ય ભલે એમાં નથી, એ અપેક્ષાએ બધા સમાન હોવા છતાં, એમાં ધ્યાન કરીને એકાગ્ર થઈને કેવળજ્ઞાન લઈ શકે છે. એવું જો સ્વરૂપ હોય તો એ ચેતનમાં જ છે. જડમાં, શરીરમાં, વાણીમાં છે નહિ. કહો, સમજાણું?



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૩૪૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૮-૮-૧૯૮૩, પ્રવચન નં. ૧૬૮ (વિષય : ભેદજ્ઞાન)**

**જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે. પણ શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે-એમ કહ્યું નથી. પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે ભગવાન જ્ઞાયકરૂપ છે અને રાગ આકુળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને-ભેદજ્ઞાન કરીને અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. ૩૪૪.**

૩૪૪. **'જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે.'** 'સમયસાર'ની ૧૧ ગાથાનો વિષય ચાલે છે. ૩૪૧થી આ બોલ ચાલુ થયા છે. ૩૪૫ સુધીના પાંચ બોલ છે.

મુમુક્ષુ :- આની પહેલા વિશ્વરૂપ ભાવો લીધા હવે આ ..

પૂજ્ય ભાઈશ્રી :- ના, હવે વિશ્વરૂપ નહિ પણ એકરૂપ ભાવની વાત કરે છે. અજ્ઞાનીની વાત ખોલીને કહી. હવે જ્ઞાની કેવી રીતે પરિણમે છે.

**'જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ...'** અંતરંગમાં જે આત્મસ્વરૂપ, આત્મતત્ત્વ અનાદિઅનંત છે એને ધ્રુવ કહેવામાં આવે છે. સદાય છે, શાશ્વતસ્વરૂપે છે, જે જન્મતું નથી, મરતું નથી, જન્મતું-મરતું નથી પણ ઉત્પાદ-વ્યયરૂપ થતું નથી. તેથી એને ધ્રુવ કહેવામાં આવે છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. એ ત્રણમાં વિભાગ કર્યો. એક સત્‌ને દેખવું સત્ દ્રવ્ય લક્ષણં. સત્ નામ સત્તારૂપે હોવું તે દ્રવ્યનું લક્ષણ છે. તે સત્તારૂપે શું છે કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ એક સત્તામાં દેખાય છે. એક સત્તામાં જે ત્રણ દેખાય છે એમાં અહીંયાં ધ્રુવની વાત કરવી છે.

આ જૈનદર્શનનો વિષય ભેદ-પ્રભેદની દૃષ્ટિએ એવો અપૂર્વ છે. અભેદની દૃષ્ટિએ તો અપૂર્વ છે જ. એ તો જગતમાં ક્યાંય મળે એવું નથી. પણ ભેદ-પ્રભેદો જેની જેટલી બુદ્ધિ પહોંચી એટલા ધર્મના સાહિત્યમાં બધા બુદ્ધિવાળાઓએ ભેદ-પ્રભેદો સ્થાપ્યા છે. તોપણ એ ભેદ-પ્રભેદનો વિષય, કેવળજ્ઞાન ગોચર જે ભેદ-પ્રભેદો થયા છે ત્યાં સુધી તો કોઈ બુદ્ધિવાળો પહોંચી શકે નહિ. એટલે એ પણ અસાધારણ છે.

'ગુરુદેવશ્રી' તો ત્યાં સુધી લેતા કે એક જીવ અનંત પદાર્થો, અનંત દ્રવ્યોમાં એક જીવ. ભેદ પાડ્યો. એ એક જીવમાં અનંતગુણ. અનંત ભેદ પાડ્યા. એકમાં અનંત પાડ્યા. એ અનંત ગુણમાં પ્રત્યેક ગુણને અનંત પર્યાય.

અનાદિઅનંત અવસ્થાઓ થાય ને. ... એટલે અનંતના અનંત ભેદ પાડ્યા. એ એક એક પર્યાયને અનંત અવિભાગ પ્રતિચ્છેદ. અનંત, અનંત ને અનંત. આટલો ભેદ પ્રભેદ જુઓ તો એક સમયની, અનંતા અનંતી પર્યાય અનંત કાળમાં એક સમયની એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. જેનો બીજો છેદ ન થઈ શકે એને અવિભાગ કહેવામાં આવે. તારતમ્યભેદે.

આટલો જે ભેદ છે એ જૈનદર્શનના સાહિત્ય સિવાય ક્યાંય કોઈ સાહિત્યમાં નથી. કેમકે કેવળજ્ઞાન અનુસારી વાણી આવી છે. શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનની પ્રતીતિ થાય એવો આ વિષય છે. શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનની પ્રતીતિ. દ્રવ્યશ્રુત છે ને? આ ... તે દ્રવ્યશ્રુત છે. પણ એમાં કેવળજ્ઞાનથી કહેનારઓએ કહ્યું છે અને એની પરંપરા ચાલે છે એની એમાં પ્રતીત થઈ આવે છે.

મુમુક્ષુ :- એક પર્યાય પણ બધા ગુણોની એક પર્યાય?

પૂજ્ય ભાઈશ્રી :- એક ગુણની એક પર્યાય લ્યો, આખા દ્રવ્યમાં બધા ગુણની પર્યાય, અખંડ દ્રવ્યની પર્યાય લ્યો તો બધા ગુણ આવી ગયા. પણ એક ગુણની એક પર્યાય હોય, જ્ઞાનગુણની એક પર્યાય લ્યો, મતિજ્ઞાનની, મતિજ્ઞાન, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળમાં મતિજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે.

મુમુક્ષુ :- એટલે શું કહેવા માગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- જેમકે કોઈને જ્ઞાન થોડું, કોઈને જ્ઞાન વધારે મતિજ્ઞાનમાં. તો એમાં પ્રતિચ્છેદોની વધ-ઘટ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એની ને એની જ્ઞાનની પર્યાયમાં ફેર પડે છે કે નહિ? એક સમયના જ્ઞાન કરતાં બીજા સમયના જ્ઞાનમાં ફેર છે કે નહિ? બીજા સમયના જ્ઞાન કરતાં ત્રીજામાં (ફેર હોય છે). જ્ઞાન વિકાસ પામ્યું એમ કહે છે કે નહિ માણસ? ઓછું જ્ઞાન અને વધું જ્ઞાન એમ કહેવાય છે કે નથી કહેવાતું? ઓછો ક્રોધ અને વધુ ક્રોધ એમ કહેવાય છે કે નહિ? મંદ ક્રોધ અને તીવ્ર ક્રોધ એમ કહેવાય છે કે નહિ? આ ચારિત્રગુણની પર્યાય લ્યો. ઓછું દુઃખ અને વધુ દુઃખ એમ કેમ? આ માણસ બહુ દુઃખી છે. આને સામાન્ય દુઃખ છે. સુખગુણની પર્યાય છે. એમાં જે ઓછા-વત્તાપણું છે એના પ્રતિચ્છેદો બતાવે છે. તારતમ્યભેદ જેને કહે છે.

ભાવનો તારતમ્યભેદ છે. એક સમયની એક ગુણની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે. એ તો બુદ્ધિથી સમજાય એવું છે. પણ એક સમયની એક ગુણની પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ છે. બુદ્ધિમાં આવે એવો વિષય નથી. અસંખ્યના અને અનંતના ભેદ છે. ત્રણ અસંખ્યના અને ત્રણ અનંતના. ષટ્ગુણ હાનિવૃદ્ધિ. એ તો બુદ્ધિમાં આવે એવું નથી. કેવળજ્ઞાનનો વિષય છે. પણ અગુરુલઘુગુણ જેનાથી સાબિત થાય છે. ષટ્ગુણ હાનિવૃદ્ધિથી.

મુમુક્ષુ :- જ્ઞાનીને એટલો નિર્ણય અંદરમાં હોય છે? ભાવશ્રુતજ્ઞાનીને એટલો ખ્યાલ આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવે છે.

મુમુક્ષુ :- આનો પ્રકાર આવી રીતે અનંત ને એના અનંત..

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ થાય. કોઈને ઉપયોગ ન થાય. ઉપયોગ થાય, કોઈને ઉપયોગ ન થાય. પણ આવી ગયો. એના લબ્ધજ્ઞાનમાં બધું આવી ગયું. તિર્યંચને સમ્યક્ મતિશ્રુત જ્ઞાન થયું. એને છ દ્રવ્યનું નવ તત્ત્વનું જ્ઞાન થયું છે? એને દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન થયું છે? સ્વયંભૂરમણસમુદ્રમાં અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ અત્યારે છે. પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકો છે. સમુદ્ર છે ને એટલે જળચર પ્રાણીઓ છે બધા. પાંચમા ગુણસ્થાને છે. ઠીક! ગળેલું પાણી પીવા મળતું હશે કાંઈ? ઊનું કરેલું. આત્માની સ્થિરતાથી શ્રાવકપણું પ્રગટે છે. પાણી પીવાથી નહિ. પણ ઠીક છે, બહારમાં વ્યવહાર એવો હોય છે. .. નિષેધ ન કરવો. પણ એની પક્કડ આવે છે એ ખોટી છે. એને ધર્મ માનવો એ ખોટું છે. ધર્મ તો આત્માના સ્વરૂપમાં થતો હોય છે. પાંચમા ગુણસ્થાન સુધી છે. સર્વાર્થસિદ્ધિનો દેવ એની નીચે છે. ચોથે છે. ભલે એકાવતારી છે. મનુષ્ય થઈને ચરમશરીરી થઈને મુક્તિમાં

જશે. પણ એ સ્થિતિમાં તો એની નીચે જ છે. એમાં બેમત નથી. એક ચોથું ગુણસ્થાન છે અવિરત સમ્યગ્દૃષ્ટિનું. અસંયત સમ્યગ્દૃષ્ટિ છે. ભલે સર્વાર્થસિદ્ધિમાં હોય. શાંતિનાથ, કુંથુંનાથ, અરનાથ સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે. ત્રણ તીર્થંકરો. કામદેવ, તીર્થંકર અને ચક્રવર્તી. ત્રણ પદવી. અને સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે. સારુંને આવું બધું થાય તો. બીજી રીતે થવાય એના કરતાં આવી રીતે થવાય એ સારું જ ને. ભાઈ! એ બધી કહેવાની વાત છે.

મૂળ ચીજ છે એમાં જુદી છે. એ વીતરાગપણું છે. એને લઈને બધો મહિમા છે. બાકી કોઈ મહિમાલાયક ચીજ જગતમાં નથી. એમ તિર્યંચમાં પંચમ ગુણસ્થાનવર્તી જે વીતરાગતા છે એ આગળ છે. ચોથા ગુણસ્થાનવર્તી વીતરાગતા, પાંચમા જેટલી નથી. એને એક કષાયની ચોકડી તોડી છે અંદરમાં. અપ્રત્યાખ્યાનાવરણી કષાયની ચોકડીને તોડી નાખી છે. અનંતાનુબંધીની આણે તોડી છે. અપ્રત્યાખ્યાનાવરણીની આણે તોડી છે. મુનિ થાય ત્યારે ત્રીજી પ્રત્યાખ્યાનાવરણી જાય છે. પ્રત્યાખ્યાનને આવરણ કરનાર .. છે. પછી સંજ્વલન રહ્યો. એ પંચપરમેષ્ઠીપદમાં. જેને માત્ર સંજ્વલન કષાય વર્તે છે.

મુમુક્ષુ :- મનુષ્ય અને દેવલોક કરતાં તિર્યંચમાં સમ્યગ્દૃષ્ટિ વધારે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે સંખ્યા પણ તિર્યંચમાં વધારે છે. ચાર ગતિમાં સૌથી વધારે જીવોની સંખ્યા તિર્યંચમાં છે. બાકી ત્રણેમાં એથી ઓછી છે. મનુષ્યની સૌથી ઓછી છે. એટલે એને દુર્લભ કહેવામાં આવે છે. ભાગ્યે જ કોઈ જીવ મનુષ્ય થાય છે.

સમ્યગ્દૃષ્ટિ દેવો પણ, એને પણ એવો વિકલ્પ આવી જાય છે કે ક્યારે આ મનુષ્યપર્યાય અમે પ્રાપ્ત કરીને, સ્વરૂપસ્થિરતા વધારીને, ચારિત્ર અંગીકાર કરીને કેવળજ્ઞાન લઈએ. એટલે એને દેવાનુપ્રિય એવો શબ્દ વાપર્યો છે. 'ગુરુદેવ' એ વખતે સંબોધન કરતાને કોઈકને? કાં દેવાનુપ્રિયા! એમ કહેતા. દેવાનુપ્રિયા એટલે તમે મનુષ્ય થયા છો, જરાક સમજો એમ કહે છે. મનુષ્ય છો તમે. આ ઉપયોગ કરી લેવા જેવો છે. એમ. શેમાંથી ચાલ્યું એ? ઉત્પાદ-વ્યયમાંથી. અહીંયા ધ્રુવ શબ્દ એક પડ્યો છે ને?

જ્ઞાયક ધ્રુવ છે, જે નિત્ય આનંદસ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ હોવાથી એને પ્રભુ કહેવામાં આવે છે. અનંત ઐશ્વર્યનું એમાં પ્રભુત્વ છે. એને જે દેખનારા છે એટલે એને સ્વસ્વરૂપે દેખનારા છે, એને સદાય દેખનારા છે, એને ક્યારેય ભૂલનારા નથી. એને ભૂતાર્થદર્શીઓ કહેવામાં આવે છે. ભૂતાર્થ એટલે હોવાપણે. ભૂ-ભવ-હોવું. જે સદાય ધ્રુવ હોવાપણે છે એને જે અર્થ નામ પદાર્થ, ભાવ, જે સદાય ટકનારો શાશ્વત ભાવ છે, ધ્રુવભાવ છે એને દેખનારને ભૂતાર્થદર્શી કહેવામાં આવે છે. એ ભૂતાર્થદર્શી છે તે સમ્યગ્દૃષ્ટિ છે એમ કહેવું છે.

જે '**દેખનારાઓ ભૂતાર્થદર્શી છે–**' અથવા સાચું સ્વરૂપ દેખનારાઓ છે. એટલે કે શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે એમ કહ્યું નથી. શાસ્ત્રજ્ઞાન તો ઉઘાડ જ્ઞાનવાળો પણ દેખી શકે છે. એનામાં પણ શાસ્ત્રજ્ઞાન હોય, બધા નયજ્ઞાન હોય. આ નયથી આમ કહ્યું છે, આ નયથી આમ કહ્યું છે, બધું આવે. એ પરલક્ષી ઉઘાડ જ્ઞાન તે ખરેખર જ્ઞાન નથી.

અધ્યાત્મના પ્રકરણમાં તો પરસત્તાવલંબી જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. એ જ્ઞાનના વિભાગમાં જાતું નથી, જ્ઞાન હોવા છતાં. આમ છે. મોક્ષમાર્ગી જીવ પણ ગણધરદેવ બાર અંગની રચના કરે છે. એ બાર અંગની રચનામાં ગયેલા ઉપયોગને જ્ઞાન કહેતા નથી. આ જૈનદર્શનની વિશિષ્ટતા છે. આમ તો શ્રુતજ્ઞાનની શાસ્ત્રની પૂજા કરી. એ તો હજી પુદ્‌ગલના પરમાણુરૂપે છે. પણ ભાવજ્ઞાન જેને કહેવામાં આવે. જ્ઞાન તો ભાવ છે ને? એટલે ભાવજ્ઞાન છે. આ તો દ્રવ્યજ્ઞાન થયું. પુસ્તક તો દ્રવ્યજ્ઞાન થયું. વ્યવહારે ભલે દ્રવ્યજ્ઞાનની પૂજા કરાય છે. એ તો વ્યવહાર છે. પણ ભાવજ્ઞાનમાં બે ભેદ છે. જે અંતરંગ આત્માને અવલંબીને આત્માથી લપેટ જ્ઞાનની પરિણતિ રહે છે એ ભાવશ્રુતજ્ઞાન છે અને શાસ્ત્રમાં જાય છે તે દ્રવ્યશ્રુતજ્ઞાન છે. એને દ્રવ્યશ્રુત ત્યાં કીધું છે.

મુમુક્ષુ :- ત્યાં ભાવમાં બે દ્રવ્યશ્રુત...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવજ્ઞાનમાં એક ભાવશ્રુત અને એક દ્રવ્યશ્રુત. જે દ્રવ્યશ્રુતને અવલંબીને પ્રવર્તે તે દ્રવ્યશ્રુત છે. જ્ઞાયકભાવને અવલંબીને પ્રવર્તે તે ભાવશ્રુત. એક સમયની પર્યાયમાં બે ભાગ. જ્ઞાનની એક સમયની પર્યાયમાં આવા બે ભાગ છે સાધકને. એ જેટલો દ્રવ્યશ્રુતરૂપ ભાગ છે-ભાવજ્ઞાનનો દ્રવ્યશ્રુતરૂપ ભાગ છે એને જ્ઞાન કહેતા નથી. એને મોક્ષનો માર્ગ કહેતા નથી

મુમુક્ષુ :- સાધકને એવા એક પર્યાયના બે ભેદ ખ્યાલમાં આવી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર ખ્યાલમાં આવે છે. કેમકે એક આમ જાય છે અને એક આમ જાય છે. એક અંદરમાં જાય છે અને એક પરસત્તાને અવલંબે છે અને એક સ્વસત્તાને અવલંબે છે. પર્યાય એક અને કામ બે કરે છે. એક દ્રવ્યને અવલંબે છે, એક ભાવને અવલંબે છે. પર્યાય એક અને અવલંબન જુદું જુદું છે. જે પરને અવલંબે છે એનો નિષેધ છે, સ્વના અવલંબનનું અનુમોદન છે. આમ છે. જે આત્માને સાધે તે સાધકભાવ છે અને જે પરને સાધે તે બાધકભાવ છે. એટલે એને મોક્ષમાર્ગ કહેતા નથી. એ તો 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં ચોખ્ખું કર્યું. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં એ વિષય આવ્યો છે અને 'અધ્યાત્મ સંદેશ' નામનું જે પુસ્તક છે આપણું એમાં 'ગુરુદેવશ્રી'નું એના ઉપર પ્રવચન છે. પ્રવચન તો રૂબરૂમાં તો ઘણા સૂક્ષ્મ ભાવો 'ગુરુદેવ' ખોલતા હતા. પ્રવચનમાં ઠીક ઠીક વિષય આવી ગયો છે લખાણમાં. એ તો ભેદ-પ્રભેદનો વિષય જૈનદર્શનનો જુદો છે આખો. એ લાઈન જુદી છે આખી. અલૌકિક વિષય છે. લોકમાં ક્યાંય જોવા ન મળે. લોકમાં જોવા મળે નહિ અને લૌકિક દૃષ્ટિવાળાને પકડાય નહિ. આ શું કહે છે?

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૩૪૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૯-૮-૧૯૮૩, પ્રવચન નં. ૧૬૯ (વિષય : ભેદજ્ઞાન)

૩૪૪. ભૂતાર્થદર્શીઓ કોણ છે? અર્થાત્ આત્માના સત્ય સ્વરૂપને દેખનારાઓ, શ્રદ્ધનારાઓ કોણ છે? '**જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે.**' વિશેષ અર્થ કર્યો છે કે માત્ર '**શાસ્ત્ર દેખનારા...**' કે શાસ્ત્રનું ભણતર કરનારા અને '**એક સમયની પર્યાયને દેખનારાઓ...**' એટલે સમયની પર્યાયને શ્રદ્ધનારા અથવા વર્તમાન અવસ્થાના વેદન જેવડો, જેટલો જ હું છું એવું પર્યાયમાત્રનું પોતારૂપે અવધારણ કરનારા, તેઓ ભૂતાર્થદર્શી છે એમ કહ્યું નથી. તેઓ તો બધા અભૂતાર્થદર્શી છે એમ કહ્યું છે. એ સ્પષ્ટીકરણ કર્યું છે.

'**શાસ્ત્રને દેખનારા...**' એ બોલ એટલા માટે લીધો છે કે સામાન્યપણે આત્માનું જ્ઞાન નહિ હોવાથી જગતના જીવોને શાસ્ત્રજ્ઞાનના ઉઘાડવાળા જીવો પ્રત્યે વ્યામોહ થાય છે કે અહીંયાં પણ ક્યાંક જ્ઞાન છે. શાસ્ત્રનું જાણપણું હોય, સાથે સાથે થોડી બોલવાની પણ કળા હોય, વક્તૃત્વ કળા કહે છે એને. લોકોને આકર્ષણ થાય છે કે અહીંયાં પણ કાંઈક જ્ઞાન લાગે છે. જ્ઞાન જુદી ચીજ છે અને શાસ્ત્રનું જાણપણું તદ્દન જુદી ચીજ છે.

અહીંયાં તો જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને અવલંબીને જાણે છે એને ભૂતાર્થદર્શી કહ્યા છે. શાસ્ત્રના ભણતરવાળાને નહિ. એ તો અગિયાર અંગ અને નવ પૂર્વનો ઉઘાડ અભવિને પણ હોય છે. અભવિને અગિયાર અંગ અને નવ પૂર્વ પર્યંતનો ઉઘાડ તો હોય છે. એ કોઈ વિશિષ્ટ વાત નથી. પણ બાર અંગના સાર, અગિયાર અંગ અને ચૌદ પૂર્વ, બાર અંગના સારભૂત જે જ્ઞાયકતત્ત્વ છે, એનું શ્રદ્ધાન-જ્ઞાન થવું તે અપૂર્વ છે. એ વિષયથી જેઓ અજાણ છે એને શાસ્ત્રના ઉઘાડવાળા પ્રત્યે વ્યામોહ થાય છે.

કહે છે કે એ ભૂતાર્થદર્શી છે એવું કહ્યું નથી. અને સર્વ મિથ્યાદૃષ્ટિઓ માત્ર વર્તમાન ચાલતી પર્યાયને જ પોતાસ્વરૂપે અનુભવતા હોવાથી, પોતારૂપે અનુભવતા હોવાથી અને પોતાપણાનું ધારણ-અવધારણ માત્ર વર્તમાન પર્યાય પૂરતું જ વેદનગોચર થતું હોવાથી તેઓ

પણ ભૂતાર્થદર્શી છે એમ કહ્યું નથી. પછી તે ગમે તે લેબાસમાં હોય, ગમે તે ગણતરીમાં ગણાતા હોય એ સર્વનો આમાં નિષેધ આવી જાય થે. પણ ઘણા માણસો આમ માને છે. એવું કાંઈ ચાલે નહિ. જેઓ માત્ર પર્યાયને જ વેદે છે, અવલંબે છે, વેદે છે તો બધા પણ અવલંબીને વેદે છે અને પોતાના જ્ઞાયકપ્રભુનું અંતર અવલંબન જેને વર્તતું નથી એ તમામ પોતાના પરમાત્માનો અનાદર કરીને ભૂલેલા, એક સમયની પર્યાયમાં ભૂલેલા મિથ્યાદષ્ટિઓ છે. એને ભૂતાર્થદર્શીઓ અહીંયાં કહેતા નથી. કેમકે અહીંયાં ગાથાનો સિદ્ધાંત એ છે કે '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' આ પદ છે. ભૂતાર્થનો આશ્રય કરનારા ખરેખર સમ્યગ્દષ્ટિ થાય છે. ભૂતાર્થ તત્ત્વનો આશ્રય ન કરે તે કદી સમ્યગ્દષ્ટિ હોઈ શકતા નથી કે કદી સમ્યગ્દષ્ટિ થઈ શકતા નથી. એ સિદ્ધાંત છે આ ગાથાનો.

'**પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને રાગ આકુળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને-ભેદજ્ઞાન કરીને...**' વિવેક કરીને એટલે ભેદવિજ્ઞાન કરીને '**અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે.**' જેઓ ભૂતાર્થનો આશ્રય કરે છે એમાં બે વાત લીધી છે. એક જ્ઞાનની પર્યાયની વાત લીધી છે અને એક પુરુષાર્થની વાત લીધી છે. શેના દ્વારા એ જ્ઞાયકને અનુભવે છે એમાં મુખ્ય બે વાત લીધી.

'**પૂર્ણાનંદના નાથ પ્રભુને...**' એટલે પોતાનું જે મૂળ પરમાત્મસ્વરૂપ છે તેને '**પોતાની બુદ્ધિથી...**' અંતરમાં વળેલી મતિજ્ઞાનની પર્યાય દ્વારા. બુદ્ધિ એટલે આ શાસ્ત્રમાં ભમે તે બુદ્ધિ નહિ અને કોઈપણ નિમિત્તમાં ફરે તે બુદ્ધિ નહિ. આત્માને છોડીને બહાર ફરે તે બુદ્ધિ નહિ એમ કહેવું છે. પણ જે મતિજ્ઞાન સ્વભાવ સન્મુખ થાય, સ્વરૂપ સન્મુખ થાય એટલે અંતર્મુખ થાય તેવી '**જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે...**' એ જ્ઞાનદશા કહેવામાં આવી છે. એ સિવાયની જ્ઞાનદશાને જ્ઞાનદશા નથી કહેતા.

બહારમાં પોતાના સ્વરૂપ ચૈતન્યને પરમાત્મતત્ત્વને છોડીને, અનાદર કરીને, ઉપેક્ષા કરીને બહારમાં જે જ્ઞાન જાય છે એને જ્ઞાનદશા એમ કહેવામાં આવતું નથી. એ એને રાગ-દ્વેષનું ઉત્પાદક કારણ તે જ્ઞાન થતું હોવાથી પરિભ્રમણનું કારણ થાય છે. નારકીમાં તો અવધિજ્ઞાન હોય છે. સર્વ નારકીને કુઅવધિજ્ઞાન છે. મનુષ્યમાં ન હોય. ઠીક! અત્યારે તો લગભગ નથી. પણ નારકીમાં હોય છે. એટલે એને વિભંગ કહેવામાં આવે છે. એ જ્ઞાન એને રાગ-દ્વેષનું ઉત્પાદક થાય છે. વધારે ઉઘાડ છે તો તીવ્ર રાગ-દ્વેષ કરે છે.

એક તો પાપના ફળને ત્યાં નારકીમાં ભોગવે છે. છતાં પાપ પૂરા થતા નથી ભોગવતાં ભોગવતાં. કેમકે નવા પાછા બંધાય છે. ત્યાં પણ એ નવા પાપને બાંધે છે. અને કેટલાક વિશેષ સ્થિતિમાં પડેલા છે એ પાછા તિર્યંચની ગતિમાં ઉદયમાં આવે છે. કોઈ નારકી મરીને દેવ ન થાય. આ તો પરિણામનો નિયમ છે. કોઈ નારકી મરીને દેવ ન થાય. અને કોઈ દેવ છે એ મરીને નારકી ન થાય. સીધી બે ગતિને સંબંધ નથી. આ પરિણામનો નિયમ છે. નીચે કહ્યું. કાર્યકારણ આમાં જ છે. પેરેગ્રાફમાં નીચે છે. જુદા પાડેલા પેરેગ્રાફ છે ને એમાં નીચે છે એટલે ધ્યાન ન ગયું. જુદા પાડેલા બોલ છે ને એમાં ૧૧મો બોલ છે. '**સમ્યક્ત્વ વિનાનો શુભપયોગ સંસાર સુખ આપે.**' સમ્યગ્દર્શન ન હોય અને કષાયની મંદતા થાય તો સંસાર સુખ આપે. દેવપદ આપે કે રાજપદ આપે. ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય એવા શુભોપયોગી અન્યમતિઓ હોય છે અને જૈનમતિઓ પણ હોય છે. ત્યાં સાચા વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય તેને લાભ થવો હોય તો થાય. એ વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ સમ્યક્ત્વનું નિમિત્ત છે. છતાં કોઈને નિમિત્ત થાય અને કોઈને નિમિત્ત ન થાય.

અહીંયાં એ વાત એમણે નાખી છે. થાય નહીં તો ન થાય. કાર્ય અને કારણ નિયમ વગર છે એવી રીતિ જાણવી. આમ નાખ્યું. એક ટૂકડો નાખી દીધો. કાર્ય અને કારણની સદશ્યતા જોઈને, મેળ જોઈને ઉપચાર કરવામાં આવે છે. નિશ્ચયથી જુઓ તો કાર્ય અને કારણ

નિયમ વગર છે એવી રીતિ જાણવી. આટલો ટૂકડો નાખ્યો છે. કાલે વાત થઈ ને? કે કારણ કાર્યનો મેળ ખાય છે કે નહિ? કે એ સદશ્યતા જોઈને મેળ કહેવાય. નહિતર અગિયારમાંથી પડેલાને શું કારણ કહેશો? કર્મોદય કારણ કહેવું પડશે. કર્મનો ઉદય તો શ્રેણી ચડે ત્યારે છૂટે છે. કોઈ જીવને સર્વ કાળે કર્મનો ઉદય તો છે. બારમા ગુણસ્થાન સુધી આઠેય કર્મનો ઉદય છે. તેરમા ગુણસ્થાનમાં ચાર કર્મનો ઉદય છે. કર્મનો ઉદય જો નડે તો તો બધાને નડીને કોઈને ચડવા દે નહિ. પણ પુરુષાર્થની હીણપ હોય ત્યારે કર્મના ઉદય ઉપર આરોપ કરાય છે. આ બે મુખ્ય વસ્તુ છે.

એક ગુણવાન છે અને એક અવગુણવાળો છે. જો અવગુણવાળો સુધરે તો એમ કહેવાય કે ગુણવાનની સોબત કરી એટલે સુધર્યો. અને જો ગુણવાન બગડે તો એમ કહેવાય કે અવગુણીની સોબત કરી માટે બગડ્યો. સોબત તો બેયને પરસ્પર છે. પરિણામ જોઈને ઉપચાર કરવામાં આવે છે અને બંને પ્રકાર ભજે છે. કોઈવાર એવું બને છે કે બળવાન સદ્‌ગુણી હોય તો અવગુણવાળાને ગુણવાન થવું પડે, ગુણવાન બને છે. બળવાન અવગુણી હોય અને નબળો ગુણવાળો હોય તો એનામાં અવગુણ થવા લાગે છે. એટલે બેમાં બળવાનપણું કોનું છે એના ઉપર પરિણામ આવે છે અને પરિણામ આવે છે ત્યારે નિર્બળતા ઉપર આરોપ કરવામાં આવે છે. માટે કાર્ય અને કારણ ખરેખર નિયમ વગર છે. આમ છે. એમાં નિયમ શું? કે ખરેખર નિયમ વગર બન્યું. ઉપાદાનથી પરિણમે છે. ઉપાદાનથી પરિણમે છે ત્યારે સાથે રહેલા સંયોગ નિમિત્ત ઉપર આરોપ આવે છે.

મુમુક્ષુ :- બીજા અન્ય પદાર્થ સાથે કાર્ય કારણ લાગુ ન પડે. પોતાની સાથે કારણ-કાર્ય...?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બરાબર છે કે જેવા પરિણામ થાય એવા ફળ મળે. એટલે એ ફળ બીજાને મળે કે પોતાને મળે? પોતાને ફળ મળેને. તો તો પરિણામ થાય એવી સ્થિતિ એ આત્માની સ્થિતિ છે. પણ પૂર્વપર્યાય અને ઉત્તરપર્યાયને નિયમબદ્ધપણું એટલે નથી લેવામાં આવતું કે બહુ ગહન વિષય છે. બહુ ગહન વિષય છે એટલે શું? કે મોક્ષમાર્ગે જે ચડ્યો અગિયારમા ગુણસ્થાને એણે નીચે તો બધા પરિણામ ચડવાના જ કર્યા છે. એણે કયું પરિણામ પડવાનું કર્યું છે?

જ્યાં સુધી મિથ્યાદર્શન છે ત્યાં સુધી બધા જ પરિણામ મિથ્યાત્વસહિતના જ થાય છે. અને કોઈ એક સમયે સમ્યગ્દર્શન થાય છે. ત્યારે મિથ્યાદર્શનસહિતનું પરિણામ કારણ અને સમ્યક્‌ત્વસહિતનું પરિણામ કાર્ય કેવી રીતે લેશો? પણ એનો જે ક્રમ છે એ ક્રમમાં ફેરફાર છે એને કારણનો ઉપચાર કરવામાં આવે છે. એ જીવને પુરુષાર્થ થાય, એ જીવને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સ્વસન્મુખ થાય. સમ્યક્‌ત્વ સન્મુખ થાય. સમ્યક્‌ત્વ સન્મુખના પરિણામ થાય ત્યારે એને ચાર લબ્ધિ અને પાંચમી કરણલબ્ધિ સુધીના પરિણામ થાય પછી એને સમ્યગ્દર્શન થાય. કરણાનુયોગથી બતાવે. જુદી જુદી રીતે એને બતાવવામાં આવે છે.

મુમુક્ષુ :- સન્મુખતા કારણ થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- સન્મુખતા કારણ વ્યવહારે કહેવામાં આવે છે. નિશ્ચયથી નહિ. એમ છે. કેમકે કોઈ જીવ સમ્યક્ સન્મુખ થઈને પાછો ફરે છે. અને સમ્યક્‌ત્વમાં આવવાને બદલે વળી પાછો સમ્યક્‌સન્મુખમાંથી પણ છૂટીને સમ્યક્ સન્મુખ મિથ્યાદષ્ટિના બદલે સામાન્ય મિથ્યાદષ્ટિ પણ થઈ જાય. એવું પણ બને છે. એવું નથી કે સમ્યક્ સન્મુખ થાય તે બધા સમ્યક્‌ત્વમાં આવે જ છે.

મુમુક્ષુ :- વિપરીત કારણ સેવે.

પૂજ્ય ભાઈશ્રી :- વિપરીત કારણ સેવે એમ કહો કે વિપરીત પરિણામ કરે એમ કહો. જેવા પરિણામ કરે એવી સ્થિતિ થાય એ સામાન્ય કહેવામાં આવે છે. કેમકે એનો નિયત ક્રમ છે. ત્યાં નિયત ક્રમ બતાવવો છે. પણ એક પરિણામ બીજા પરિણામનું કારણ (એમ કહો તો) સમ્યક્ સન્મુખના પરિણામને શું કારણ કહેશો? ખ્યાલ આવ્યો? આમ જાઓ તો ... નામનો દોષ આવશે. સમ્યક્‌ત્વને સમ્યક્‌ત્વના સન્મુખ પરિણામ કારણ અને સમ્યક્‌ત્વના સન્મુખ પરિણામને કોણ કારણ? પછી એના કોણ કારણ? એને નિશ્ચયથી કારણ કાર્ય લાગુ પડી

શકે નહિ. કેમકે એક જીવ, જુઓ! બહુ વિચારણીય, બહુ બહોળો વિષય છે જરા. એક જીવ અનાદિ નિગોદમાં છે, નિત્ય નિગોદમાં છે. કદી વ્યવહારરાશિમાં આવ્યો નથી. બેઇન્દ્રિય તો થયો નથી. એ જીવ ત્યાંથી સીધો પંચેન્દ્રિય થાય છે. શું કારણ લેશો એને? એને પ્રચુર મિથ્યાત્વ અને પ્રચુર કષાયના વેદનમાં અનંત કાળના સંસ્કાર પડ્યા છે.

મુમુક્ષુ :- ત્યાં એવા પ્રકારની મંદતા આવીને એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જ્યારે એનો પુરુષાર્થ ઉપડે છે ત્યારે એ પુરુષાર્થ સ્વયં સિદ્ધિ કરે છે. જે કાળે જેટલો પુરુષાર્થ થાય તે જ કાળે તેટલી અવસ્થામાં સિદ્ધિ થાય. બીજા સમયે જેટલો પુરુષાર્થ થયો એટલી શુદ્ધિ તે જ સમયે વધે. બસ, કારણ કાર્ય તે જ સમયમાં, તે જ પર્યાયમાં છે. આગલી-પાછલી પર્યાયમાં ન લેતાં તે જ પર્યાય કારણ અને તે જ પર્યાય તેનું કાર્ય. આમ નિશ્ચય છે. એ જીવ મનુષ્ય થાય, આઠ વર્ષે સમ્યગ્દર્શન પામે. સમ્યગ્દર્શન પામે નહિ, એ સમ્યગ્દર્શન પામ્યા પછી શ્રેણી માંડે અને મુક્તિએ જાય. આઠ વર્ષે મુક્તિમાં જાય.

હવે બીજા કોઈ ભવ નથી કર્યા એણે ચાર ગતિમાં. નહિતર તો પંચપરાવર્તન અનંત વાર કરે છે. પરિભ્રમણ કરનારો જીવ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવ. પંચ પરાવર્તન અનંત વાર કરી ચૂક્યો છે. આને કાંઈ નહિ. સ્વરૂપે જુઓ તો બધાનું સ્વરૂપ એકસરખું છે. કોઈ જીવનું સ્વરૂપ, ભવિ કે અભવિનું બીજા પ્રકારે છે એમ છે નહિ. એટલે એ રીતે જુઓ તો કાર્ય અને કારણ નિયમ વગર છે. શું કહ્યું? કાર્ય અને કારણ નિયમ વગર છે. એ વાત નાખી છે એ નિશ્ચયની વાત નાખી છે. નહિતર તો બધા જીવોને એકસરખો સ્વભાવ હોવા છતાં એનું પરિણમન એકસરખું કેમ નથી? સ્વભાવ એકસરખો અને છતાં એનું પરિણમન એકસરખું કેમ નથી? એ કાર્ય અને કારણ નિયમ વગર છે. આમ છે.

કેટલાક મર્યાદિત નિયમો છે એનો ઉલ્લેખ છે કે નારકીવાળો એ દેવ ન થાય, દેવવાળો નારકી ન થાય. ત્રીજી નારકીથી નીકળે એ મુનિ થઈ શકે છે. પણ ચોથી નારકીમાંથી નીકળ્યો પછી એ મુનિ થઈ શકતો નથી. જેમ સ્ત્રીદેહ ન થઈ શકે. એમ ત્રણ નારકીથી બહાર આવેલો મનુષ્ય થાય અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના પુરુષાર્થ સુધી આવી શકે, નિશ્ચયના પુરુષાર્થ સુધી આવી શકે. પણ ચોથી નારકીથી નહિ. ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી. એટલો પુરુષાર્થ ન ઉપડે. ઊંધા પુરુષાર્થમાં ગયો છે. એવા એક મર્યાદાના કેટલાક નિયમો છે એને કારણ કાર્ય સાથે જોડવામાં આવે છે અને કેટલીક મર્યાદા એ બતાવી છે. પણ એ બધી મર્યાદિત વાત છે. જેને કારણ-કાર્યની શ્રૃંખલામાં દેખાડવામાં આવી છે. પણ એ વસ્તુસ્થિતિ છે. નિશ્ચયથી એવી જ વસ્તુસ્થિતિ છે. એમ.

મુમુક્ષુ :- પાંચ પાંડવમાંથી બે ભાઈને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નકુલ અને સહદેવ. શેત્રુંજય ઉપરથી ગયા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની ક્યાં ના છે? પરિણામના કોઈ નિયમ જ નથી એવું કાંઈ નથી. નહિતર તો શું થાય કે શુભપરિણામ કરે અને અશુભનું ફળ મળે? શુભનું જ મળે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે મર્યાદિત કારણકાર્ય છે. એની મર્યાદા છે. એ મર્યાદિતપણે કહેવામાં આવે છે. નિમિત્ત કાંઈ કરતું નથી. સિદ્ધાંત છે કે નહિ? છતાં કોઈ જીવને દેશનાલબ્ધિ વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવું કદી બનતું નથી. 'બિના નયન પાવે નહિ બિના નયનકી બાત, સેવે સદ્‌ગુરુ કે ચરણ સો પાવે સાક્ષાત્.' 'બિના નયન પાવે નહિ બિના નયનકી બાત.' એમાં એ વાત લીધી છે. 'સેવે સદ્‌ગુરુ કે ચરણ સો પાવે સાક્ષાત્' એમાં લીધું, અનાદિ સ્થિતિ એવી છે. એહી અનાદિ સ્થિત. આવી જ કોઈ અનાદિ સ્થિતિ છે. એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર કાંઈ કર્તા નહિ હોવા છતાં નિમિત્તત્ત્વ નથી એમ ન લઈ શકાય. અનંત ગુણધર્મો છે. એમાં નિમિત્તત્વ નામનો એનો ધર્મ છે. એ પણ નથી એમ નથી.

મુમુક્ષુ :- ક્ષાયિક સમ્યગ્દર્શન કેવળીના પાદમૂળમાં જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષાયિક સમ્યગ્દર્શન કેવળજ્ઞાનીના સદ્‌ભાવમાં થાય. બીજી કોઈ રીતે ન થાય. આમ છે. જે કેટલાક મર્યાદિ નયમો છે એને કારણકાર્યની શ્રૃંખલામાં જોડવામાં આવ્યા છે તેમ છતાં એ વસ્તુસ્થિતિ છે. તે તે ઉપાદાનમાં તે તે વસ્તુસ્થિતિ છે એમ જાણવું જોઈએ.

મુમુક્ષુ :- તો એને વ્યવહાર કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યવહાર જ છે. બે વચ્ચે તો વ્યવહાર જ હોય ને. પૂર્વ-ઉત્તર પર્યાય લ્યો કે બે પદાર્થો લ્યો. જ્યાં બે દ્વૈત થયું ત્યાં બે વચ્ચે જે કાંઈ જોડાણ થાય છે એ બધો વ્યવહારનો વિષય છે. એકમાં ને એકમાં ભેદ પાડે તોપણ વ્યવહાર છે તો બે વચ્ચે તો વ્યવહાર ન હોય એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહ્યું. ત્રીજી નારકીમાંથી નીકળેલા જાય છે. ત્રીજી નારકીમાંથી નીકળે તે મુનિપણું અંગીકાર કરી શકે, એ મુક્તિએ જઈ શકે. મુનિપણું અંગીકાર કરે એટલે મુક્તિમાં બાધા નથી. જે જીવ મુનિદશામાં આવી શકે છઠ્ઠે-સાતમે એને મુક્તિની બાધા નથી. આ કાળમાં ભલે ન થાય. એ આ કાળ પૂરતી મર્યાદા છે. નહિતર મુનિ થાય એ મુક્તિના પુરુષાર્થને યોગ્ય જીવ છે. અહીંયાં કોઈ મુનિદશામાં આવે છઠ્ઠે-સાતમે એટલે આ ક્ષેત્રમાં જન્મીને એણે પર્યાપ્ત કાર્ય કર્યું એમ કહી શકાય. પણ ચોથી નારકીથી નીકળે એ જીવને મુનિદશા આવતી નથી. એ મુનિ નથી થઈ શકતો. પાંચમી નારકીથી નીકળે એ પાંચમે ગુણસ્થાને ન આવી શકે.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને આવે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોથા ગુણસ્થાને તો સાતમી નારકીમાં હોય તોપણ પ્રગટ કરે. પણ પાંચમી કે છઠ્ઠી ... છઠ્ઠી નારકીથી આવેલો પંચમ ગુણસ્થાનમાં આરૂઢ ન થઈ શકે. એટલો પુરુષાર્થ ન ઉપડે. એ બધા પરિણામ માટે કેટલાક નિયમો મર્યાદિતપણે બતાવવામાં આવ્યા છે. એની મર્યાદા બતાવી છે. એ તે દ્રવ્યની વસ્તુસ્થિતિ છે. તે દ્રવ્યમાં ઊભી થયેલી વસ્તુસ્થિતિ છે. અનાદિ નિગોદમાંથી નીકળે. મનુષ્યપણું પામી, સમ્યગ્દર્શન પામીને કેવળજ્ઞાન પામે. પણ છઠ્ઠી નારકીથી નીકળ્યો હોય તો પાંચમા ગુણસ્થાન ન આવી શકે. ચોથીએ નીકળ્યો હોય તો મુનિપણું ન લઈ શકે. આમ મર્યાદા છે. કેમકે કષાયની તીવ્રતાની ત્યાં પ્રચુરતા એટલી બધી વધી જાય છે કે એને એ ભવ પૂરતી એ મર્યાદા લાગુ પડે છે. પછીના ભવમાં પાછો..

સારાંશ શું? સારાંશ એ છે કે કોઈપણ વર્તમાન ચાલતા વિકલ્પને કારણરૂપે નહિ જોતાં વર્તમાન ચાલતા જ્ઞાનને કારણરૂપે નહિ જોતાં, વર્તમાન ચાલતા પુરુષાર્થને કારણરૂપે નહિ જોતાં, નહિ જોતાં એટલે નહિ અવલંબતા, જ્ઞાયકનું અવલંબન લેવાનો સર્વ કાળે નવો નવો જોરદાર પુરુષાર્થ થવો ઘટે છે. અત્યારે આટલું કાર્ય કર્યું હવે બીજે સમયે મને થોડોક લાભ થશે, ભવિષ્યનો લાભ થશે. અત્યારે આ શાસ્ત્ર આ વાંચું છું એટલે હવે એનો લાભ રહેશે, અત્યારે આ સ્મરણ કર્યું જ્ઞાયકનું એટલે મને લાભ રહેશે એમ આ પર્યાયનું અવલંબન લઈને ભવિષ્યની પર્યાયમાં એના ફળ જોવાનો પ્રયત્ન કરવો નહિ. ભાઈ! પર્યાયનું ફળ આવે કે નહિ? આ એનો ઉત્તર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ ન જોવું. ભલે નકુળ અને સહદેવને એ ફળ આવ્યું. આપણે એમ જોવું નથી. પાંચ પાંડવની વાત કરીને? ઉપસર્ગ-પરિષહ બધાને સરખો હતો. ઉપસર્ગ કર્યો હતો. ઉપસર્ગ આવ્યો, પાંચેયને સરખો આવ્યો પણ ત્રણ મોક્ષે પધાર્યા અને બે સર્વાર્થસિદ્ધિમાં ગયા હતા. ૩૩ સાગરની જેલ પડી. શુભભાવ કર્યો આવોને? મહામુનિઓ છે. વિચાર તો એમ આવ્યો, મારા ભાઈ છે એમ નહિ. એ તો છૂટી ગયું હતું. મહામુનિઓ છે. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન મહામુનિ છે. અરે..રે..! આવા મહામુનિને આવો ઉપસર્ગ! શું થતું હશે એમનું? કે એમણે તો શ્રેણી માંડી, હમણાં કેવળજ્ઞાન થશે. આ વિકલ્પ આવ્યોને ૩૩ સાગરની જેલમાં ગયા. સર્વાર્થસિદ્ધિ ૩૩ સાગરનું આયુષ્ય છે. મોટું જંક્શન થઈ ગયું. પછી નીકળીને ભલે મોક્ષમાં જાશે. કેમ? મુનિપણું તો બધાએ લીધું હતું. એમને વિકલ્પ ઉઠ્યો અને ઓલાને ન ઉઠ્યો કારણ શું? શું લેશો કારણ? કાર્ય અને કારણ

નિયમ વગર છે. એનું કારણ કાંઈ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- પોતાના પુરુષાર્થની કચાશ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પર્યાય ઊપજી એ જ કારણ અને એ જ કાર્ય છે. આગળ-પાછળનું કાંઈ લાગુ પડે નહિ. એ તો બધા પાંચેય છઠ્ઠે-સાતમે ગુણસ્થાને બિરાજમાન છે. પછી ન સમજે એમ લે છે. આને કર્મનો ઉદય આવ્યો હતો. પણ ઓલાને નહોતો? એને પણ કર્મનો ઉદય હતો. ઉપસર્ગ હતો એ બધાને કર્મનો જ ઉદય હતો. કર્મનો ઉદય તો પાંચેયને હતો. બેને કર્મનો ઉદય લાગુ પડ્યો અને ત્રણને ઉપસર્ગનો ઉદય લાગુ ન પડ્યો? ઉદય તો સરખો હતો. અરે..! એથી વધારે કર્મનો ઉદય હોય. (૨૯:૦૦ મિનિટ સુધી, શેષ અંશ આવતા અંકમાં).

## નવીન પ્રકાશન (અધ્યાત્મ સુધા ભાગ-૧૨)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ૮૬મા જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ગ્રંથ ઉપર ચાલતા શબ્દશઃ પ્રવચનની શ્રૃંખલા અંતર્ગત અધ્યાત્મ સુધા ભાગ-૧૨ ગુજરાતીની અર્પણ વિધિ તા. ૧૩-૧૨-૨૦૧૮ના દિવસે અત્યંત આનંદોલ્લાસપૂર્વક કરવામાં આવી. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનને સ્વાધ્યાય અર્થે પુસ્તક મંગાવવા હોય તેમણે ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવવા વિનંતી છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર.

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૬મો જન્મ જયંતિ મહોત્સવ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૬મો જન્મ જયંતિ મહોત્સવ તા. ૧૧-૧૨-૨૦૧૮ થી તા. ૧૫-૧૨-૨૦૧૮ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. આ મહોત્સવના ઉપલક્ષમાં પાંચ દિવસનું મંડલ વિધાન રાખવામાં આવ્યું હતું અને પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચનો રાખવામાં આવેલા. તા. ૧૪-૧૨-૨૦૧૮ના દિવસે એક ભવ્ય જિનેન્દ્ર રથયાત્રાનું આયોજન કરવામાં આવેલું, જે શહેરના મુખ્ય માર્ગ પર ફરતી સાંજે પાંચ વાગે જિનમંદિરમાં સમાપ્ત થઈ. પારણા ઝુલન, જન્મ વધામણા ઈત્યાદિ કાર્યક્રમો ભક્તિ સહિત ઉજવવામાં આવ્યા. આ પ્રસંગે કલકત્તા, આગ્રા, મુંબઈ, અહમદાવાદ, સોનગઢ વગેરે સ્થળોથી મુમુક્ષુઓ પધાર્યા હતા.

### સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧ A



**પ્રશ્ન :-** બે દ્રવ્ય વચ્ચે કર્તા કર્મ સંબંધ નથી છતાં જ્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ...

**ઉત્તર :-** છે એમ સમજીને એ રીતે વર્તન હોવું જોઈએ.

**પ્રશ્ન :-** આપ એક શબ્દ બોલ્યા કે સમજીને વર્તન પણ એ જાતનું હોવું જોઈએ.

**ઉત્તર :-** એકલી સમજણ હોય તો એ લુખાશને પામે છે. સમજણ થાય એ બરાબર છે. એ લાભનું કારણ છે પણ એનું વર્તન પણ એ રીતે હોવું જોઈએ.

નિશ્ચય ભૂતાર્થ છે, વ્યવહાર અભૂતાર્થ કહેવાય. અભૂતાર્થ એટલે કાંઈ વસ્તુ જ નથી એવી (એમ નથી). એની અપેક્ષાએ એ બરાબર છે. એની અપેક્ષાએ એ સત્યાર્થ છે એમ હોય છે. ભૂતાર્થની અપેક્ષાએ અસત્યાર્થ છે. એવી રીતે અભૂતાર્થ હોય કે કાંઈ વસ્તુ જ નથી તો વચ્ચે સાધકદશા જ હોય નહિ. સમ્યગ્દર્શન થયા પછી તરત કેવળજ્ઞાન થઈ જાય. સાધકદશા વચ્ચે હોય જ નહિ તો ઘણી પર્યાય વચ્ચે હોય છે, અધુરાશ છે. એમ હજી તો મુમુક્ષુ છે અને આ આત્માનું પ્રયોજન છે. એમાં વચ્ચે આ બધું આવે છે. અશુભથી બચવા માટે શુભભાવો આવે છે. એમ આશ્રય આત્માનો લેવાનો છે.

**પ્રશ્ન :-** વચમાં છે એને જાણીને એ જાતનું એનું વર્તન ન થાય તોપણ ત્યાં સુધી યથાર્થ નથી?

**ઉત્તર :-** યથાર્થ નથી. આ મારાથી થઈ શકતું નથી. પણ અશુભથી બચવા માટે શુભભાવો આવે છે. આત્માનો આશ્રય હોય એની સાથે આ હોય છે એમ સમજે છે. એ અંદર હૃદયપૂર્વક એની રુચિપૂર્વક સમજે છે. એમ નક્કી કરી લીધું એટલે પછી એ કાંઈ છૂટી ગયું એવી જાતનું નહિ. એ જાતનું વર્તન એને અંદર આત્માના પ્રયોજનથી હોય. એ વર્તન આવ્યા વગર રહેતું નથી.

**પ્રશ્ન :-** આત્માના પ્રયોજનપૂર્વક વ્યવહારનું વર્તન પણ આવ્યા વિના રહેતું નથી.

**ઉત્તર :-** આવ્યા વિના રહેતું નથી.

**પ્રશ્ન :-** જેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી નિરંતર પુરુષાર્થ જે પરિણમતા એ સહેજે ટકી રહે છે અને આગળ વધે છે. એવી રીતે અહીંયાં પણ, સમ્યગ્દર્શન પહેલાં પણ જે કાંઈ નિર્ણય કર્યો એ નિર્ણયને ટકાવી રાખવા માટે અને એને આગળ વધવા માટે એને આ જાતનો નિરંતર અપેક્ષિત પુરુષાર્થ ચાલુ રાખવો જોઈએ.

**ઉત્તર :-** ચાલુ રાખવો જોઈએ. એ કરેલા નિર્ણયમાં મોળાશ ન આવે, લુખાશ ન આવે એટલા માટે થઈને એને અશુભથી બચવા શુભભાવો આવે. દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા, શાસ્ત્ર સ્વાધ્યાય, સત્સંગ, વિચાર, વાંચન, સ્વાધ્યાય એ બધું હોય. વારંવાર જે વિચાર્યું હોય એનું રટણ કરે. એ બધું આવ્યા કરે. નહિતર તો અનાદિનો પ્રવાહ છે એમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન :-** એમાં ભ્રાંતિ શું થઈ જાય કે નિર્ણય તો થઈ ગયો છે એક વખત. નિર્ણય થઈ ગયો છે. આપણને તો યથાર્થ નિર્ણય છે. યથાર્થ નિર્ણય છે પછી ક્યાં એમ કે...

**ઉત્તર :-** નિર્ણય થઈ ગયો કે આ જુદું છે બધું. હવે શું કરવાનું? એમ થઈ જાય. હજી બાકી છે. અનાદિનો પ્રવાહ એમાં તણાય જાય. અનાદિનો એનો પ્રવાહ એમ છે એ પુરુષાર્થાની મંદતા થતા એને વાર નથી લાગતી. અનાદિના પ્રવાહમાં ચાલ્યો જાય છે.

બહુ પુરુષાર્થી હોય તો ગમે તેવા સંયોગમાં પણ પોતે ઊભો રહે છે. બહારના સંયોગ બીજા હોય અસત્સંગના એવા બને તો અંદર બહુ ખટક થઈ જાય કે આ હું ક્યાંથી? મારે તો બીજું કરવાનું છે એમ કરીને પુરુષાર્થ કોઈને એમ પણ વધી જાય છે. પણ મોટે ભાગે તો એને સત્સંગ ઉપર આદર હોવો જોઈએ.

**પ્રશ્ન :-** જેને .. છે અથવા તો નથી નિમિત્ત, એને પણ આદર તો હોય છે.

**ઉત્તર :-** એને આદર તો હોય જ છે. પણ એમાં આવી પડ્યો એટલે શું થાય?

**પ્રશ્ન :-** બાકો તો મોટા ભાગના જીવોની તો આપે જેમ કહ્યું ને એ જ દશા હોય છે કે જો પુરુષાર્થ મંદ પડી ગયો, રુચિ મંદ પડી ગઈ તો પુરુષાર્થ મંદ પડી જાય છે. પછી પાછું ક્યાંકને ક્યાંક અટવાઈ જાય છે.

**ઉત્તર :-** રુચિ નિર્ણય ક્યાંય પડ્યો રહે. નિર્ણય છે ને આપણે. અને આ અનાદિના પ્રવાહમાં બધા બહારના કાર્યોમાં અને અનાદિના અશુભના ભાવોમાં ક્યાંય ચાલ્યો જાય છે પછી. પુરુષાર્થ મંદ પડે તો.

---

## શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર...

પુણ્યના અભાવ યોગથી આ અવસરે મારે (લાભથી) વંચિત રહેવું પડ્યું તેનો ખેદ થયો.

'શ્રી ગુરુદેવ'નાં પ્રવચનોનો મુખ્ય સાર હું આ રીતે સમજ્યો છું :

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું. વર્તમાનમાં જ દેવાદિક પર અથવા એને આશ્રિત રાગથી કિંચિત્ માત્ર લાભનું કારણ નથી. લાભ માનવો એ જ અલાભ છે. વેદન સિવાય બીજી કોઈ પણ ક્રિયા જીવની નથી. શરીર આશ્રિત અથવા અન્ય કોઈ પર આશ્રિત આકુલિત વેદનને એ જ સમયે જ્ઞાનવેદન દ્વારા ગૌણ કરતાં કરતાં નાશ કરવું એ જ મુમુક્ષુઓનું ધ્યેય હોવું જોઈએ. આ જ્ઞાનવેદન અખંડ ત્રૈકાલિક અપરિણામી ધ્રુવ અસ્તિત્વમયી સ્વપણાના અનુભવમાં સહજ જ ઉદય પામે છે. રાગથી ભેદ કરતું કરતું (જ્ઞાન) નિઃશંકિત, નિરાકુળ સુખવેદનની સાથે જ પ્રત્યક્ષ પ્રમાણ રૂપ પ્રગટ થાય છે. તે વૃદ્ધિ પામતું પામતું અનંત સુખ અને અનંત જ્ઞાનનો લાભ કરાવે છે. અપ્રસિદ્ધ અવેદક મુખ્ય અખંડ સ્વભાવમાં શ્રદ્ધાના સ્વઅસ્તિત્વરૂપે ફેલાતાં જ પ્રસિદ્ધ વેદન ગૌણ બની જઈ એક જ કાળે ત્રિકાળી અને વર્તમાન બંને ભાવોનો અનુભવ થાય છે. આ જ ભેદજ્ઞાન છે. રાગથી ભિન્ન એવા જ્ઞાનનો અનુભવ એ રીતે જ થાય છે, બીજી રીતે થતો નથી.

યોગ પ્રાપ્ત થતાં એપ્રિલમાં 'શ્રી ગુરુદેવ'ની જન્મ-તિથિ ઉપર મળવાનું થશે.

**શુદ્ધાત્મસ્નેહી**
**નિહાલચંદ્ર**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૧૯)નું શુલ્ક શ્રીમતિ મનીષાબેન હેમંતભાઈ શાહ, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

૧૮૦

**મુંબઈ, માગશર સુદ ૪, સોમ, ૧૯૪૭**

**પરમ પૂજ્ય શ્રી,**

ગઈ કાલના પત્રમાં સહજ વ્યવહારચિંતા જણાવી; તો તે માટે સર્વ પ્રકારે નિર્ભય રહેવું. રોમ રોમ ભક્તિ તો એ જ છે કે, એવી દશા આવ્યે અધિક પ્રસન્ન રહેવું. માત્ર બીજા જીવોને કચવાયાનું કારણ આત્મા થાય ત્યાં ચિંતા સહજ કરવી. દઢજ્ઞાનની પ્રાપ્તિનું એ જ લક્ષણ છે

મુનિને સમજાવ્યાની માથાકૂટમાં આપ ન પડો તો સારું. જેને પરમેશ્વર ભટકવા દેવા ઈચ્છે છે, તેને નિષ્કારણ ભટકતા અટકાવવા એ ઈશ્વરી નિયમનો ભંગ કર્યો નહીં ગણાય શા માટે?

રોમ રોમ ખુમારી ચઢશે, અમરવરમય જ આત્મદષ્ટિ થઈ જશે, એક 'તુંહિ તુંહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે, ત્યારે આપને અમરવરના આનંદનો અનુભવ થશે.

અત્ર એ જ દશા છે. રામ હૃદયે વસ્યા છે, અનાદિનાં ખસ્યાં છે. સુરતિ ઈત્યાદિક હસ્યાં છે. આ પણ એક વાક્યની વેઠ કરી છે. હમણાં તો ભાગી જવાની વૃત્તિ છે. આ શબ્દનો અર્થ જુદો થાય છે.

નીચે એક વાક્યને સહજ સ્યાદ્વાદ કર્યું છે.

''આ કાળમાં કોઈ મોક્ષે ન જ જાય.''

''આ કાળમાં કોઈ આ ક્ષેત્રેથી મોક્ષે ન જ જાય.''

''આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય.''

''આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વથા ન મુકાય.''

''આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી સર્વથા ન મુકાય.''

હવે એ ઉપર સહજ વિચાર કરીએ. પ્રથમ એક માણસ બોલ્યો કે આ કાળમાં કોઈ મોક્ષે ન જ જાય. જેવું એ વાક્ય નીકળ્યું કે શંકા થઈ. આ કાળમાં શું મહાવિદેહથી મોક્ષે ન જ જાય? ત્યાંથી તો જાય, માટે ફરી વાક્ય બોલો. ત્યારે બીજી વાર કહ્યું; આ કાળમાં કોઈ આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય. ત્યારે પ્રશ્ન કર્યું કે જંબુ, સુધર્માસ્વામી ઈત્યાદિક કેમ ગયા? એ પણ આ જ કાળ હતો, એટલે ફરી વળી સામો પુરુષ વિચારીને બોલ્યો : આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય. ત્યારે પ્રશ્ન કર્યું કે, કોઈનું મિથ્યાત્વ જતું હશે કે નહીં? ઉત્તર આપ્યો, હા જાય. ત્યારે ફરી કહ્યું કે, જો મિથ્યાત્વ જાય તો મિથ્યાત્વ જવાથી મોક્ષ થયો કહેવાય કે નહીં? ત્યારે તેણે હા કહી કે એમ તો થાય. ત્યારે કહ્યું : એમ નહીં પણ એમ હશે કે આ કાળમાં કોઈ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી ન મુકાય.

આમાં પણ ઘણા ભેદ છે; પરંતુ આટલા સુધી કદાપિ સાધારણ સ્યાદ્વાદ માનીએ તો એ જૈનનાં શાસ્ત્ર માટે ખુલાસો થયો ગણાય. વેદાંતાદિક તો આ કાળમાં સર્વથા સર્વ કર્મથી મુકાવા માટે જણાવે છે. માટે હજુ પણ આગળ જવાનું છે. ત્યાર પછી વાક્યસિદ્ધિ થાય. આમ વાક્ય બોલવાની અપેક્ષા રાખવી એ ખરું. પરંતુ જ્ઞાન ઊપજ્યા વિના એ અપેક્ષા સ્મૃત થાય એમ બનવું સંભવિત નથી. કાં તો સત્પુરુષની કૃપાથી સિદ્ધિ થાય.

અત્યારે એ જ. થોડું લખ્યું ઘણું કરી જાણજો; ઉપર લખી માથાકૂટે લખવી પસંદ નથી. સાકરનું શ્રીફળ બધાએ વખાણી માગ્યું છે; પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે. ત્યાં આ ક્યાંથી પસંદ આવે? નાપસંદ પણ કરાય નહીં.

છેવટે આજે, કાલે અને બધેય વખતે આ જ કહેવું છે કે, આનો સંગ થયા પછી સર્વ પ્રકારે નિર્ભય રહેતાં શીખવું. આપને આ વાક્ય કેમ લાગે છે?

**વિ. રાયચંદ**




**૧૭૭**

**મુંબઈ, કારતક વદ ૧૪, ગુરુ, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ શ્રી ત્રિભોવન,**

તમારું પત્ર ૧ મલ્યું. મનન કર્યું.

અંતરની પરમાર્થવૃત્તિઓ થોડા કાળ સુધી પ્રગટ કરવા ઈચ્છા થતી નથી. ધર્મને ઈચ્છવાવાળા પ્રાણીઓનાં પત્રપ્રશ્નાદિક તો અત્યારે બંધનરૂપ માન્યાં છે. કારણ જે ઈચ્છાઓ હમણાં પ્રગટ કરવા ઈચ્છા નથી, તેના અંશો (નહીં ચાલતાં) તે કારણથી પ્રગટ કરવા પડે છે.

નિત્ય નિયમમાં તમને અને બધા ભાઈઓને હમણાં તો એટલું જ જણાવું છું કે જે જે વાટેથી અનંતકાળથી ગ્રહાયેલા આગ્રહનો, પોતાપણાનો, અને અસત્સંગનો નાશ થાય તે તે વાટે વૃત્તિ લાવવી; એ જ ચિંતન રાખવાથી, અને પરભવનો દૃઢ વિશ્વાસ રાખવાથી કેટલેક અંશે તેમાં જય પમાશે.

**વિ. રાયચંદના પ.**

**૧૭૮**

**મુંબઈ, કારતક વદ ૦)), શુક્ર, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,**

અત્ર આનંદવૃત્તિ છે. તમારી અને બીજા ભાઈઓની આનંદવૃત્તિ ઈચ્છું છું. તમારા પિતાજીનાં બે પત્રો ધર્મ વિષયે મળ્યાં. એ વિષે શું ઉત્તર લખવો? તેનો બહુ વિચાર રહે છે.

હમણાં તો હું કોઈને સ્પષ્ટ ધર્મ આપવાને યોગ્ય નથી, અથવા તેમ કરવા મારી ઈચ્છા રહેતી નથી. ઈચ્છા રહેતી નથી એનું કારણ ઉદયમાં વર્તતાં કર્મો છે. તેઓની વૃત્તિ મારા તરફ વળવાનું કારણ તમે ઈત્યાદિ છો, એમ કલ્પના છે. અને હું પણ ઈચ્છું છું કે કોઈ પણ જિજ્ઞાસુ હો તે ધર્મ પામેલાથી ધર્મ પામો; તથાપિ વર્તમાન વર્તું છું તે કાળ એવો નથી. પ્રસંગોપાત્ત મારા કેટલાક પત્રો તેમને વંચાવતા રહેશો, અથવા તેમાં કહેલી વાતનો તમારાથી સમજાવાય તેટલો હેતુ સમજાવતા રહેશો.

પ્રથમ મનુષ્યને યથાયોગ્ય જિજ્ઞાસુપણું આવવું જોઈએ છે. પૂર્વના આગ્રહો અને અસત્સંગ ટળવાં જોઈએ છે. એ માટે પ્રયત્ન કરશો. અને તેમને પ્રેરણા કરશો તો કોઈ પ્રસંગે જરૂર સંભાળ લેવાનું સ્મરણ કરીશ. નહીં તો નહીં. બીજા ભાઈઓને પણ જેની પાસેથી ધર્મ માગવો તે પુરુષ ધર્મ પામ્યા વિષેની પૂર્ણ ચોકસી કરવી, આ સંતની સમજવા જેવી વાત છે.

**વિ. રાયચંદના યથા.**

**૧૭૯**

**મુંબઈ, કારતક, ૧૯૪૭**

**ઉપશમ ભાવ**

સોળ ભાવનાઓથી ભૂષિત થયેલો છતાં પણ પોતે સર્વોત્કૃષ્ટ જ્યાં મનાયો છે ત્યાં બીજાની ઉત્કૃષ્ટતાને લીધે પોતાની ન્યૂનતા થતી હોય અને કંઈ મત્સરભાવ આવી ચાલ્યો જાય તો, તેને ઉપશમ ભાવ હતો, ક્ષાયક નહોતો, આ નિયમા છે.

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**